For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

કોન્ટ્રાક્ટરની લાપરવાહીને પગલે રોડનું કામ અધૂરુ છોડી દેતાં અકસ્માત સર્જાયાનો આક્ષેપ

નેશનલ હાઈવે-48 પર અકસ્માતમાં ITમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીનું મોત

સ્થાનિક રહીશો દ્વારા હાઈવે પર ચક્કાજામ કરતાં ટ્રાફિકજામ સર્જાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.19

વડોદરાના નેશનલ હાઈવે 48 પર જામ્બુઆ બ્રિજ નજીક એક દુઃખદ અકસ્માતમાં 22 વર્ષીય યુવક કૈલાશ પાસવાનનો જીવ ગુમાવવો પડ્યો છે. કૈલાશ પાસવાન આઈટીમાં બીજા વર્ષનો અભ્યાસ કરતો હતો. તે પોતાના કામથી પરત ફરતો હતો ત્યારે આ દુર્ઘટના બની. ઘટનાના દ્રશ્યો જોઈને સ્થાનિકો રોષે ભરાયા અને તેમણે હાઈવે પર જ બેસી ચક્કાજામ કર્યો હતો. ચક્કાજામ કારણે હાઈવે પર આ પગલાંએ ભારે ટ્રાફિકજામનાં દ્રશ્યો સર્જાયા હતા.

અકસ્માતમાં યુવાનનું મોત થતાં રોષે ભરાયેલા સ્થાનિકોએ હાઇવે પર જ બેસી ચક્કાજામ કર્યો હતો. (ઈન્સેટમાં મોતને ભેટેલા કૈલાસ પાસવાન)

કૈલાસ પાસવાન નામના યુવકનું હિટ એન્ડ રનમાં મોત નિપજ્યા બાદ પરિવારજનો અને સ્થાનિકોએ હાઈવે ચક્કાજામ કરી દીધો હતો. ચક્કાજામ પગલે પોલીસના ઉચ્ચ અધિકારીઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. પોલીસની સમજાવટ બાદ મૃતદેહ સ્વીકારી લેતા વાહનવ્યવહાર પૂર્વવત થયો હતો. ચક્કાજામ પગલે રોડની બંને સાઈડમાં વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી.

સ્થાનિકોએ આ અકસ્માત માટે કોન્ટ્રાક્ટરની લાપરવાહી અને અધૂરા કામ એમ બન્ને પર આરોપ લગાવ્યો હતો. તેમનું માનવું છે કે માર્ગનું કામ અધૂરું હોવાને કારણે અકસ્માત ઘટ્યો. સ્થાનિકોએ દાવો કર્યો કે જો રોડ પર કામ પૂરું થઈ ગયું હોત, તો આ દુખદ ઘટના ટાળી શકાય હોત.

ઘટનાને પગલે પોલીસના ઉચ્ચ અધિકારીઓ સ્થળ પર દોડી આવ્યા હતા. ઝોન - 4 ડીસીપી પન્ના મામોયા અને ટ્રાફિક ડીસીપી જ્યોતિ પટેલ ઘટના સ્થળે પહોંચ્યા હતા. સ્થાનિકો સાથે ચર્ચા કર્યા બાદ, ટ્રાફિક વ્યવસ્થા શાંતિથી પુનઃસ્થાપિત કરાઈ હતી.

કૈલાશના પરિવારજનોએ એક માત્ર પુત્ર ગુમાવતાં ખૂબ જ દુખી હતા. પરિવાર અને સ્થાનિકો બંને ન્યાયની માંગ કરી રહ્યા હતા. દરેક તબક્કે, પોલીસે પરિવારને આશ્વાસન આપતા કહ્યું કે તેઓ કેસની તપાસ કરશે અને જવાબદાર સામે ચોક્કસથી પગલા ભરાશે. લાંબી સમજાવટ અને આંતરિક ચર્ચાઓ બાદ, વાહન વ્યવહાર ફરીથી સામાન્ય થયો હતો. હીટ એન્ડ રન અકસ્માતને પગલે પોલીસે સમગ્ર મામલે વધુ કાર્યવાહી હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે, જામ્બુઆ બ્રિજ પર અવાર નવાર અકસ્માતના બનાવો બનતા હોય છે.

જપી રોડ પોલીસ મથકમાં બદલીને 20 દિવસ થયા છતાં અડીંગો જમાવી બેઠા હતા

હેડ કોન્સ્ટેબલ કિરીટસિંહ ડોડીયાને આખરે સમા પોલીસ સ્ટેશનથી છૂટા કરાયા

કયા પોલીસ અધિકારીના કોન્સ્ટેબલ પર ચાર હાથ ?

(પ્રતિનિધિ) વડોદરા તા.19

સમા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ અને વહીવટદાર કિરીટસિંહ ડોડીયાની જેપી રોડ પોલીસ સ્ટેશનમાં બદલી કરાઈ હોવાનો હુકમ પોલીસ કમિશનર દ્વારા કરાયાને 20 દિવસ થઈ ગયા હોવા છતાં હજુ પોલીસ સ્ટેશનમાં હાજર થયા નહોતા જેથી આખરે પોલીસ કમિશનર નરસિમ્હા કોમારને ધ્યાને આ વાત આવતા તેમને સમા પોલીસ મથકમાંથી છૂટા કરવામાં આવ્યા હતા.

તાજેતરમાં જ વડોદરા શહેરના સમા વિસ્તારમાં મોટી માત્રામાં વિદેશી તથા દેશી દારૂનું ધૂમ વેચાણ થઈ રહ્યું છે પરંતુ સમા પોલીસ સ્ટેશનના વહીવટદાર કિરીટસિંહ ડોડીયાના કારણે બુટલેગરોને મોકલું મેદાન મળી ગયું હોય તેમ બિન્દાસ્ત રીતે દારૂનો વેપલો 24 કલાક સુધી કરી રહ્યા હતા. સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમ દ્વારા પણ આ વિસ્તારમાં રેડ કરવામાં આવતી હતી પરંતુ વહીવટદાર દ્વારા બુટલેગરોને અગાઉથી જાણ કરી દેવામાં આવતી હોવાના કારણે તેઓ દારૂનો જથ્થો સગેવગે કરી દેતા જેના કારણે એસએમસીને પણ માત્ર નામ પૂરતો દારૂ મળી આવ્યો હોવાનું સૂત્રોમાંથી જાણવા મળી રહ્યું છે. ત્યારે બુટલેગરો પર પણ ચાર હાથ ધરાવનાર હેડ કોન્સ્ટેબલ કિરીટસિંહ ડોડીયા ઘણીવાર અધિકારીઓની નજરમાં આવ્યા હોય આ હેડ કોન્સ્ટેબલની પોલીસ કમિશનર દ્વારા સમા પોલીસ સ્ટેશનમાંથી 31 ડિસેમ્બર 2024ના રોજ બદલી કરવામાં આવી હતી અને જેપી રોડ પોલીસ સ્ટેશનમાં હાજર થવા હુકમ કર્યો હતો. પરંતુ હેડ કોન્સ્ટેબલ ને સમા વિસ્તારમાંથી મસમોટું ભરણ મળ્યું હોવાના કારણે સમા પોલીસ સ્ટેશન સહિત વિસ્તાર છોડીને અન્ય કોઈ જગ્યા પર જવામાં રસ ન હોવાથી પોલીસ મથક છોડવું નહોતું. જેપી પોલીસ મથકમાં હેડ કોન્સ્ટેબલની બદલી થવાને 20 થવા છતાં હાજર ન થવાની ઘટના આખરે પોલીસ કમિશનર નરસિમ્હા કોમારને ધ્યાને આ વાત આવતા તેમને સમા પોલીસ મથકમાંથી ત્વરીત હેડ કોન્સ્ટેબલને છૂટા કરી દીધા હતા.

વડોદરા શહેર ભાજપ પ્રમુખ પદ માટે રાજકીય ગરમાવો

પ્રમુખપદની જાહેરાતમાં વિલંબથી કાર્યકરો અને નેતાઓ વચ્ચે ચર્ચાનો માહોલ

(પ્રતિનિધિ) વડોદરા તા.19

વડોદરા શહેર અને જિલ્લામાં ભાજપના પ્રમુખ પદ માટે રાજકીય ગરમાવો વધી રહ્યા છે. તાજેતરમાં કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહના ગુજરાત પ્રવાસ દરમ્યાન શહેર અને જિલ્લા પદના નામોની જાહેરાતની અપેક્ષાઓ હતી, પરંતુ હજુ સુધી કોઈ જાહેર કરવામાં આવી નથી. આ વિલંબને કારણે ભાજપના કાર્યકરો અને નેતાઓમાં ભારે ઉત્સુકતા અને અશાંતિ જોવા મળી રહી છે.

ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જગતપ્રકાશ નડ્ડા પણ ગુજરાતની મુલાકાતે આવ્યા છે અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તેમની સાથે શિષ્ટાચાર મુલાકાત કરી હતી. આ મુલાકાત પછી, ઘણા મતો છે કે શહેર અને જિલ્લાના પ્રમુખ પદ માટેની જાહેરાત ટૂંક સમયમાં થઈ શકે છે.

વડોદરા શહેરમાં પ્રમુખ પદ માટે તીવ્ર સ્પર્ધા છે. અનેક નેતાઓ દિલ્હી સુધી પહોંચીને પોતાની ઉમેદવારી માટે લોબીંગ કરી રહ્યા છે. સૂત્રોના અનુસાર, કેટલાક મહાનગર અને જિલ્લા પ્રમુખોને વધુ એક ટર્મ માટે રીપીટ કરવામાં આવી શકે છે, પરંતુ શહેરમાં વર્તમાન પ્રમુખ સામે વિરોધના કારણે આ નિર્ણય લંબાવાયો હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે. શહેરના જ કેટલાક સિનિયર નેતાઓએ ખુલીને વર્તમાન પ્રમુખનો વિરોધ કરી ચૂક્યા છે.

શહેરના ઘણા નેતાઓને એવી પણ લાગણી છે કે પ્રમુખ પદ પર કેટલાક નવા ચહેરાઓને લાવવામાં આવે. પ્રમુખોની જાહેરાતમાં વિલંબથી શહેર અને જિલ્લા પ્રમુખની પસંદગીને કારણે પ્રદેશ પ્રમુખની નિમણૂકમાં પણ વિલંબ થવાની સંભાવના છે. આ પદની પસંદગી અંગેની રાજકીય ઉથલપાથલ હવે સરકાર અને પાર્ટી કાર્યકરો વચ્ચે વધુ રસદાર બની રહી છે. હવે જોવું રહેશે કે ભાજપ પોતાની આગામી જાહેરાત ક્યારે કરે છે અને આ પદ માટે કોની પસંદગી થાય છે.

લોકસભા ચૂંટણી ટાણે પણ શહેર બીજેપીના કેટલાક નેતાઓ વર્તમાન શહેર પ્રમુખની કામગીરીથી નારાજગી વ્યક્ત કરી ચૂક્યા છે. મહત્વની વાત એ પણ છે કે વિરોધ કરનાર એ નેતાઓ તે સમયે ચૂટણીમાં પણ પ્રચારથી દૂર રહ્યા હતા અને હવે એ જ નેતાઓમાંથી કેટલાક પ્રમુખ પદ મેળવવા અને કેટલાક અન્યને પ્રમુખ પદ અપાવવા માટે મથામણ કરી રહ્યા છે.

બળાત્કારના ગુનામાં દસ વર્ષથી ભાગતો ફરતો આરોપી ઝડપાયો

2014માં ત્રણ વર્ષની બાળકીને રમાડવાના બહાને લઈ જઇ નરાધમે દુષ્કર્મ આચર્યું હતું

યુપીના નમીસરા ગામના હમીરપુરા રોડ પર આવેલા ઈંટોના ભઠ્ઠા પર થી ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

(પ્રતિનિધિ) વડોદરા તા. 19

વડોદરા શહેરના જવાહર નગર પોલીસ સ્ટેશનમાં દુષ્કર્મના ગુનાનો આરોપી છેલ્લા 10 વર્ષથી પોલીસ ધરપકડથી બચવા ભાગતો ફરતો હતો તેને વડોદરા લોકલ ક્રાઇમ બ્રાન્ચની ટીમ દ્વારા નમીસરા ગામના હમીરપુરા રોડ પર આવેલા સાગર બ્રિક્સ ઈંટોના ભઠ્ઠા ખાતેથી ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વડોદરા શહેરના જવાહર નગર પોલીસ સ્ટેશનમાં 2014માં દુષ્કર્મનો પોક્સો હેઠળ ગુનો નોંધાયો હતો.જેમાં 3 વર્ષની બાળકીને આરોપી રામ સેવક ઉર્ફે સજંય બલવીર યાદવ રમવાના બહાને લઈ ગયો હતો અને દુષ્કર્મ આચર્યું હતું. અને પોલીસ ધરપકડથી બચવા માટે તે ફરાર થઈ ગયો હતો. છેલ્લા 10 વર્ષથી આરોપી ભાગતો ફરતો હતો. આરોપી રામ સેવક ઉર્ફે સંજય બલવીર યાદવને ઝડપી પાડવા માટે ટેક્નિકલ તથા હ્યુમન રિસોર્સની મદદ લેવાઈ હતી. આ આરોપી ઉત્તર પ્રદેશ ખાતેથી વડોદરાના નમીસરા ગામ હમીરપુરા રોડ ઉપર આવેલો છે અને સાગર બ્રિક્સ નામના ઈંટોના ભઠ્ઠા ઉપર મજૂરી કામ કરતો હોવાની બાતમી હકીકત મળી હતી. જેના આધારે વડોદરા શહેર લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે સ્થળ પર તપાસ કરતા આરોપી રામ સેવક ઉર્ફે સંજય બલવીર યાદવ મળી આવ્યો હતો. જેની ધરપકડ કરી આગળની કાર્યવાહી કરી જવાહર નગર પોલીસ મથકને સોંપવામાં આવ્યો હતો.

આધાર હોસ્પિટલના ત્રીજા મળે લઈ જઈ બળાત્કાર ગુજારાયો હતો

નર્સ પર દુષ્કર્મ ગુજારનાર અશરફને સાથે રાખી ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કરાયું

પોલીસ દ્વારા કેટલાક આધારભૂત પુરાવા પણ એકત્ર કરાયા

(પ્રતિનિધિ) વડોદરા તા.19

વડોદરા શહેરના ગોરવા વિસ્તારમાં ઝાંસીની રાણી સર્કલ પાસે આવેલી આધાર ઓર્થોપેડીક હોસ્પિટલમાં નર્સ પર રેડિયોલોજી વિભાગમાં નોકરી કરતા અશરફ ચાવડા દ્વારા દુષ્કર્મ ગુજારવામાં આવ્યું હતું. ત્યારે આરોપીને હોસ્પિટલમાં લઈ જઈને સમગ્ર ઘટનાનું રિકન્ટ્રકશન કરવામાં આવ્યું હતું. ઉપરાંત કેટલાક આધારભૂત પુરાવા પણ એકત્ર કરાયા હતા. આજે રિમાન્ડ પૂરા થતા ફરી કોર્ટમાં રજૂ કરવામાં આવશે.

વડોદરા શહેરના વિસ્તારમાં ઝાંસીની રાણી સર્કલ પાસે આવેલા આધાર ઓર્થોપેડિક હોસ્પિટલમાં રેડિયો વિભાગમાં નોકરી કરતા કસરત ચાવડા દ્વારા નર્સને ઉંચકીને ત્રીજા માળ પર ઓપરેશન થિયેટરમાં લઈ જઈને બળજબરીપૂર્વક દુષ્કર્મ કરવામાં આવ્યું હતું. ઉપરાંત આ વાતની કોઈને જાણ કરીશ તો તારા રિલેશનશિપ વિશેની વાત તારા માતા પિતાને કરી દઈશ તેવી ધમકી આપી હતી. જેની ગોરવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીની ધરપકડ કરી લીધી હતી. આ કેસની તપાસ એસસી એસટી સેલના એસીપીને તપાસ સોંપાઈ હતી.જેથી આરોપીની વધુ પૂછપરછ કરવા માટે કોર્ટમાં રજુ કરતા કોર્ટ દ્વારા બે દિવસના રિમાન્ડ પૂરા કરવામાં આવ્યા હતા. રિમાન્ડ પણ પ્રથમ દિવસે પોલીસ દ્વારા આરોપીને સાથે રાખીને સમગ્ર ઘટનાનું રીકન્સ્ટ્રક્શન કરવામાં આવ્યું હતું. કેવી રીતે યુવતીને ઉચકીને લઈ ગયો અને ઉપરાંત જ્યાં આરોપી યુવતીને લઈ ગયો હતો. ત્યાથી રાઉન્ડ ફ્લોર પરથી લઈને ત્રીજા માળે ઓપરેશન થિયેટરમાં લઈ જઈને ઘટનાને અંજામ આપ્યો હતો તેના આધારભૂત કેટલાક પુરાવા પણ એકત્ર કરવામાં આવ્યા હતા. આજે આરોપી અશરફ ચાવડાના રિમાન્ડ પૂરા થતા પોલીસ દ્વારા કોર્ટમાં રજૂ કરવામાં આવશે.

‘મેં કબુલ કરતા હું આજ સે મેં ગુંડા હું’ સોશિયલ મીડિયા પર કોર્ટની રીલ વાયરલ

દિવાળીપુરા કોર્ટમાં આરોપીને પોલીસ લાવી ત્યારે કોર્ટ સંકુલમાં વિડિયો બનાવી રીલ વાયરલ કરી

(પ્રતિનિધિ) વડોદરા તા.19

શહેરના દિવાળીપુરા ખાતે આવેલી કોર્ટમાં એક આરોપીને પોલીસે બે દિવસ પહેલા જૂની અદાવતના ગુનામાં એક જ કોમના લોકો વચ્ચે થયેલી મારામારીના આરોપીને પેશ કર્યો ત્યારે તેનો એક વિડીયો ની રીલ બનાવી વાયરલ કરવામાં આવી હતી જેમાં “મૈં કબુલ કરતા હૂં આજ સે મૈં ગુંડા હું” ની રીલ વાયરલ થઇ છે જેમાં આરોપી પોલીસ જાપ્તા હેઠળ આવ્યો હોવા છતાં કોર્ટમાં જાણે પોલીસ કે કાયદાનો ભય જ ન હોય તે રીતે રીલ વાયરલ કરવામાં આવતા ખળભળાટ મચી ગયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર બે દિવસ પહેલા શહેરના ફતેગંજ વિસ્તારમાં અગાઉની જૂની અદાવતે એક જ કોમના બે ગૃપો વચ્ચે જૂથ અથડામણ થઇ હતી લોખંડની પાઇપ વડે હૂમલો કરી આરોપીઓ ફરાર થયા હતા જેમાં હૂમલાખોરોએ મોઢાં પર રૂમાલ બાધી હૂમલો કર્યાના ફોટા સોશિયલ મીડિયામાં વાયરલ થયા હતા જો કે પોલીસે ગણતરીના કલાકોમાં આરોપીઓને ઝડપી પાડ્યા હતા અને ઈજાગ્રસ્ત ને

એસ.એસ.જી.હોસ્પિટલમા ખસેડ્યો હતો તે કેસમાં આરોપી આરિફ શેખને વડોદરા દિવાળીપુરા કોર્ટમાં પેશ કરતી વખતે કોર્ટ સંકુલમા બનાવેલ વિડિઓ સોશ્યિલ મીડિયા પર વાયરલ થયો હતો. આરીફ શેખ નામના આ યુવકે તેના સોશ્યિલ મીડિયા પેજ પર “મેં કબુલ કરતા હું આજ સે મેં ગુંડા હું” ગીત સાથે કોર્ટ સંકુલમા બનવેલ આ વિડિઓ વાયરલ થઈ રહ્યો છે. ત્યારે આ સામે વડોદરા પોલીસ શું કાર્યવાહી કરે છે તે જોવાનું રહ્યું.

પોલીસની ઓળખ આપી અપહરણ અને ખંડણી માગનાર ત્રણ ઝડપાયા

સીસીટીવી અને ટેકનિકલ સર્વેલન્સના આધારે ગુનો ઉકેલાયો

(પ્રતિનિધિ) વડોદરાતા.19

વડોદરા શહેરમાં ગત ૧૬ જાન્યુઆરીના રોજ ચોંકાવનારો બનાવ બન્યો હતો, જેમાં ત્રણ શખ્સોએ પોલીસની ખોટી ઓળખ આપી એક વ્યક્તિનું અપહરણ કરી તેની પાસે ખંડણી માગી હતી. આ કેસમાં કપુરાઈ પોલીસે ઝડપભર્યું કામ કરતા ગણતરીના કલાકોમાં જ ત્રણેય આરોપીઓને પકડી પાડ્યા છે.

શહેરના કપુરાઈ પોલીસ મથકમાં ૧૭ જાન્યુઆરીએ ફરિયાદ નોંધાઈ હતી, જેમાં આશિક હસન મુલ્લા (ઉર વર્ષ, ધંધોઃ કલરકામ, નિવાસઃ આદર્શ નગર, તરસાલી, વડોદરા)એ જણાવ્યું હતું કે તેને ગાંધીનગર ક્રાઈમ બ્રાન્ચના પોલીસ હોવાનું કહી આરોપીઓએ માર મારી અપહરણ કર્યું હતું. આરોપીઓએ ફરિયાદીને વડોદરાથી અમદાવાદ લઈ જઈ તેની પાસે રૂપિયા દસ લાખની ખંડણી માગી હતી. જમીનભર ધમકીઓ આપીને, તેઓએ ફરિયાદી અને તેની માનીતી બહેનના બેન્ક એકાઉન્ટમાંથી રૂ. ૧ લાખ ૪૫ હજાર ૭૦૦ બળજબરીથી ટ્રાન્સફર કરાવી લીધા. તેમ જ તેની પાસેનો મોબાઈલ પણ કબ્જે રાખી, રાત્રે અમદાવાદમાં છોડીને ભાગી છૂટ્યા હતા. ફરિયાદ બાદ કપુરાઈ પોલીસ ઇન્સ્પેક્ટર ડી.સી. રાઓલની આગેવાનીમાં એક ટીમ રચાઈ હતી. સીસીટીવી ફૂટેજ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે આરોપીઓની ઓળખ થઈ અને માત્ર ગણતરીના કલાકમાં જ તેઓને પકડી પડ્યા હતા. પોલીસે આરોપી જયકુમાર કાંતિભાઈ મેતિયા (ઉંમર ૨૪, રહેઃ ગોતા, અમદાવાદ), ચિરાગ અમરતભાઈ ચાવડા (ઉંમર ૨૫, રહેઃ અમરાવાડી, અમદાવાદ) અને મોહમ્મદ ઈમરાન નઈમભાઈ મેમણ (ઉંમર ૨૪, રહેઃ ફતેવાડી, અમદાવાદ) ની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

રામનાથ તળાવના બ્યુટીફિકેશનની કામગીરી પૂરઝડપે

■ વડોદરા શહેરના રામનાથ તળાવના બ્યુટીફિકેશનની કામગીરી પૂર ઝડપે કરવામાં આવી રહી છે. અગાઉ આ તળાવ મામલે સ્થાનિકોની અનેક રજૂઆત બાદ ગુજરાત વિધાનસભાના દંડકે આ તળાવની મુલાકાત લીધી હતી. જે બાદ આ કામગીરી ઝડપથી કરવામાં આવી રહી છે. હાલ જેસીબી સહિતના મશીનરી વડે રામનાથ તળાવના બ્યુટીફીકેશનની કામગીરી કરવામાં આવી રહી છે.

વડોદરા શહેરમાં રખડતા ઢોરનો આતંક યથાવત્

ઢોરને બચાવવા જતાં ચાલકે સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવતા કાર ડીવાઈડર પર ચડી

(પ્રતિનિધિ) વડોદરા તા.19

રખડતા ઢોરની સમસ્યા ઉકેલવાના તંત્ર ભલે ગમે તેટલા દાવા કરે, પરંતુ હકીકત એ છે કે વડોદરામાં રખડતા પશુઓનો ત્રાસ ઘટવાને બદલે સતત વધી રહ્યો છે. દરેક જગ્યાએ રખડતા ઢોરની સમસ્યા ઠેરની ઠેર છે. શહેરમાં ફરી એક વખત રખડતા ઢોરે જાહેર રસ્તા પર રખડતા ઢોર ને કારણે અકસ્માતો જોવા મળી રહ્યા છે.

રાજયમાં રખડતા ઢોરને કારણે લોકો ત્રસ્ત થઈ ગયા છે અને વારંવાર રખડતા ઢોર કોઈને કોઈને પોતાના હુમલાનો ભોગ બનાવી રહ્યા છે. વડોદરામાં આવી એક ઘટના સામે આવી છે જેમાં એક કારચાલકે ઢોર વચ્ચે આવી જતા સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવતા કાર ડિવાઈડર પર ચડી ગઈ મોટી જાનહાનિ થતા બચી કારને ભારે

કરી પરત ફરતી વેળાએ મુખ્ય માર્ગ નજીકથી પસાર થઈ રહેલા કાર ચાલકે ગાયને બચાવવા જતા કારના સ્ટેરીંગ ઉપરથી કાબુ ગુમાવતા કાર ડિવાઈડર પર ચડી જતા અકસ્માત સર્જાયો હતો તે જોતા આસપાસના લોકો ભેગા થઈ ગયા હતા અને કારચાલકને કોઈ ગંભીર ઈજા થઈ ન હોય તે જોયું હતું ત્યારબાદ આસપાસના લોકોએ ડિવાઈડર પર ચડેલી કારને બંગલાઓમાં ઘરકામ કરતાં વૃદ્ધા પર ગાયના ટોળોએ હુમલો કર્યો હતો અને વૃદ્ધાને હાથમાં ફ્રેક્ચર થયું હતું. કેટલાય ટુ વ્હીલર પણ રખડતા ઢોરો ને કારણે અકસ્માતો સર્જાતા ગંભીર ઈજાઓ પોહચી અને હોસ્પિટલ માં દાખલ કરવામાં આવ્યા છે. ત્યારે સ્થાનિકો એ તંત્ર પર રખડતા ઢોર મુદ્દે કડક કાર્યવાહી કરે તેવી માગણી કરી છે.

ભાલેજ પાસે ગૌવંશનું કતલખાનું પકડાયું : ચારની ધરપકડ

કતલ માટે લવાયેલા દસ ગૌવંશને બચાવી લેવાઈ

(પ્રતિનિધિ) આણંદ તા.19

આણંદ લોકલ ક્રાઈમ બ્રાંચ સહિતની ટીમે રવિવારના રોજ ભાલેજ ગામમાં દરોડો પાડી ગૌવંશ કતલનું કૌભાંડ પકડી પાડ્યું હતું. આ અંગે ચાર વ્યક્તિની ધરપકડ કરી હતી. જ્યારે પાંચ શખ્સ ફરાર થઈ ગયાં હતાં. આ કાર્યવાહીમાં દસ જેટલા ગૌવંશને બચાવી તેમને પેટલાદ પાંજરાપોળમાં ખસેડવામાં આવ્યાં હતાં.

આણંદ લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમને બાતમી મળી હતી કે, ભાલેજ ગામમાં રહેતા કાદર મહંમદ કુરેશી, ઈસાક સિદ્દીક કુરેશી તથા તેમના મળતીયા ભેગા મળી ભાલેજ કુરેશી મહોલ્લામાં ગેરકાયદેસર રીતે ગૌવંશ કતલ કરી ગૌમાંસનું વેચાણ કરી રહ્યા છે. આ બાતમી આધારે એલસીબીએ પોલીસ સબ ઈન્સ્પેક્ટર જી.એમ. પાવરા સહિતની ટીમ બનાવી રવિવારના રોજ દરોડો પાડ્યો હતો. આ દરોડાના પગલે નાસભાગ મચી હતી. જોકે, ચાર શખ્સને પકડી પાડ્યાં હતાં. આ શખ્સનોની પુછપરછ કરતાં તે કાદર ઉર્ફે કાદરહાજી મહંમદ કુરેશી, જીલાની રબ્બાની કુરેશી, મુસ્તુફા રસુલ કુરેશી અને સકિલ સિકંદર કુરેશી (રહે. તમામ ભાલેજ) હોવાનું જણાવ્યું હતું. આ કાર્યવાહીમાં એલસીબીએ સ્થળ પરથી 885 કિલો ગૌમાંસનો જથ્થો જપ્ત કર્યો હતો. જોકે, સ્થળ પરથી દસ ગૌવંશને બચાવી લેવામાં સફળતા મળી હતી.

આ અંગે પકડાયેલા શખ્સોની પુછપરછ કરતાં વધુ પાંચ નામ બહાર આવ્યાં હતાં. જેમાં ઈસાક સિદ્દીક કુરેશી, મુસ્તકીમ ઉર્ફે બાટલી મહેબુબ કુરેશી, મહેબુબ અબ્દુલ કુરેશી, રસુલ કમાલ શેખ અને હસન ઉર્ફે ભાઈ ઉર્ફે કઠલાલી મુસ્તુફા કુરેશીનો સમાવેશ થાય છે. આ અંગે ભાલેજ પોલીસે તમામ શખ્સ સામે ગુનો નોંધી કુલ રૂ.4.86 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

પ્રતાપગંજ, ફતેગંજ તથા સયાજીગંજમાંથી મોબાઇલ ઝૂટવી ફરાર થઈ ગયા હતા

3 સ્થળેથી મોબાઈલ તફડાવનાર એક આરોપી ઝડપાયો બીજો ફરાર

ખંડેરાવ માર્કેટ રોડ પરથી ક્રાઇમબ્રાન્ચે આરોપીને ઝડપી પાડ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા. 19

વડોદરા શહેરમાં ગત તારીખ 02 જાન્યુઆરીના રોજ સાંજના સમયે વડોદરા શહેરમાં પ્રતાપગંજ, ફતેગંજ તથા સયાજીગંજ જેવા અલગ અલગ ત્રણ સ્થળોએ મોટર સાયકલ પર આવેલ બે અજાણ્યા ઇસમો દ્વારા રસ્તે જઇ રહેલ ત્રણ નાગરીકોના હાથમાંના મોબાઈલ ફોન ઝુંટવી લેવાના ગુનાઓ આચરવામાં આવ્યા હતા આ બનાવમાં વડોદરા શહેર ક્રાઇમબ્રાન્ચે હ્યુમન તથા ટેકનીકલ સોર્સ તથા સીસીટીવી કેમેરાના આધારે એક આરોપીને શહેરના ખંડેરાવ માર્કેટ પાસેથી ઝડપી પાડ્યો હતો જ્યારે એકને વોન્ટેડ જાહેર કરી તેની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, વડોદરા શહેરમાં ગત તા. 02જી જાન્યુઆરીના રોજ સાંજના પાંચેક વાગ્યાના સુમારે મોટરસાયકલ પર બે ઈસમો દ્વારા પ્રતાપગંજ ગર્લ્સ હોસ્ટેલ પાસે રોડ પર મહિલાના હાથમાંથી મોબાઈલ, ફતેગંજ વિસ્ટા કંટ્રકશન સાઈટ પાસેથી પસાર થઇ રહેલા મહિલાનો મોબાઈલ, ત્યારબાદ સયાજીગંજ વિસ્તારમાં આવેલા હોટેલ તુલસી આગળ રોડ પરથી પસાર થઇ રહેલી મહિલા પાસેથી મોબાઈલ ફોન ઝુંટવી લઇ નાસી છૂટયા હતા. આ અંગે સયાજીગંજ અને ફતેગંજ પોલીસ સ્ટેશનમાં મોટર સાયકલ પર આવેલ બે અજાણ્યા ઇસમો સામે ચીલઝડપ કરવા અંગેના ગુનાઓ નોંધાયા હતા પોલીસે બાતમીના આધારે ખંડેરાવ માર્કેટ પાસેના રોડ પરથી શંકાસ્પદ વ્યક્તિ સનેસભાઇ જોરસીંગ ભાઇ દેવધા નામના 19 વર્ષીય યુવક કે જે મૂળ દાહોદ જિલ્લાના ઉચવનીયા ગામનો અને હાલમાં આજવારોડ ખાતે આવેલા સયાજીપુરા ખાતેના નવીનગરી પાસેના આશાપુરી સોસાયટીમાં રહેતા ને પકડી પૂછપરછ તપાસ હાથ ધરતાં તેની પાસેથી જુદી જુદી કંપનીના ત્રણ મોબાઈલ ફોન તથા મોટરસાયકલ મળી કુલ રૂ. 73000નો મુદામાલ મળી આવ્યો હતો. સાગરિત રાજા મિનેષ ડામોર કે વિવિધ 18 ગુનામાં સંડોવાયેલા હોય કોર્ટમાં હાજર ન રહેતો હોય તેની સામે નોન -બેલેબલ -વોરંટ ઇશ્યુ કરતા તે છેલ્લા દસેક દિવસથી દેવગઢ બારિયા સબ જેલમાં હોઇ તેની ધરપકડ બાકી હોય તે અંગેની કાર્યવાહી હાથ ધરી છે .